# ૧૦ ચાલો સૌને રમત મુબારક

X1P7Y6

## ચાલો, ગાઈએ ગીતડું :

રમશું રમશું રેલમછેલ,

હળશું મળશું કરશું ગેલ.

ખડખડ હસવું ખેલમખેલ,

રમશું રમશું રેલમછેલ.

ભલો શિયાળો, ટાઢ મજાની,

ભલો ઉનાળો, લૂય મજાની.

વરસાદે વાછંટ મજાની,

બારે માસ મજાની ગમ્મત.

ધિંગામસ્તી ઠેલમઠેલ,


રમશું રમશું રેલમછેલ.

– હરિકૃષ્ણ પાઠક



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ચિત્ર જુઓ, જવાબ લખો :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ● બાજુના પાન પરનું ચિત્ર જોઈને આ પ્રશ્નોના જવાબ લખો :

૧. આ ચિત્ર ક્યાંનું હોય એવું લાગે છે?

૨. ચિત્રમાં કુલ કેટલાં બાળકો છે?

૩. ચિત્રમાં બાળકો શું કરી રહ્યાં છે?

૪. બાળકો કઈ કઈ રમતો રમી રહ્યાં છે?

૫. આમાંથી કઈ રમત તમને સૌથી વધુ ગમે છે?

૬. એ રમત કેવી રીતે રમાય?

૭. છેલ્લે આ રમત તમે ક્યારે રમ્યાં હતાં?

૮. તમે ક્યાં ક્યાં રમો છો?

૯. તમે એકસાથે કેટલાં દોરડાં કૂદી શકો?

## ચાલો રમીએ :

- શું જોઈશે? : ક્યૂકા/પાંચીકા/કાંકરા/પારા
- સંખ્યા : બેથી ચાર બાળકો
- તૈયારી : રમનારે સામસામા પગ લાંબા-પહોળા કરીને બેસવું. એક જણે દાવ લેવો. એક જ હાથે પાંચીકા ઉછાળવાના અને લેવાના છે.

આ પ્રમાણે બોલતાં બોલતાં કાંકરા/પાંચીકા/ક્યૂકા/પારા/ઉછાળવાં.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




**૧. રમત-૧ : આવ રે છાબડી • ત્રણ વિદ્યાર્થીઓ**

જમીન પર પાંચ પાંચીકા મૂકી દો, પછી એક પાંચીકો હથેળીમાં લઈ ૧૫ થી ૩૦ સેમી જેટલો ઊંચે ઉછાળો. તે નીચે પડે તે પહેલાં બંને હથેળીઓ એક સાથે ઊંધી ભેગી કરી ઝીલી લો. ત્યારબાદ બે પાંચીકા લઈ ઉછાળી આ રીતે ઝીલી લો. આ પ્રમાણે ત્રણ, ચાર અને છેલ્લે પાંચેય લઈને ઉછાળી ઝીલી લો. પાંચેય વારામાં કુલ જેટલાં પાંચીકા ઊંધી હથેળી પર ઝીલ્યા તેટલી તાળીઓ બાકીના બંને પાડીને શાબાશી આપશે. આ પ્રમાણે ત્રણેય વિદ્યાર્થીઓ વારાફરતી રમો.

**૨. આ પ્રમાણે બોલતાં-બોલતાં કાંકરા/પાંચીકા/કચૂકા/પારા ઉછાળવા :**

ગાગર ગબ્બો
મારા હાથમાં છબ્બો
ગાગર ગબ્બો
મારા હાથમાં છબ્બો

જમીન પર મૂકેલા પાંચમાંથી એક પાંચીકો ઉઠાવો. તેને તમારા એક હાથ જેટલો ઊંચો હવામાં ઉછાળો. તે હવામાં હોય તે દરમિયાન જમીન પરનાં ચાર પાંચીકા એ જ હાથમાં લઈ લો. ઉછાળેલા પાંચીકાને હાથમાં રાખેલા પાંચીકાઓ સાથે ઝીલી લો. હવે તમારા હાથમાં પાંચ પાંચીકા થઈ ગયા? આ પાંચીકા જમીન પર મૂકી ફરીથી દાવ લો. જો ઉછાળેલો પાંચીકો ઝીલી ન શકાય તો બીજા મિત્રને દાવ આપો.

- જે સૌથી વધુ વખત નીચે પાડ્યા વિના આ રીતે પાંચીકો ઉછાળે તેને ત્રણ-તાળી-ત્રણવાર પાડીને શાબાશી આપો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. **તલ તલ તાતા :**

હવે આ પ્રમાણે બોલતાં બોલતાં કાંકરા/પાંચીકા/કચૂકા/પારા ઉછાળવાં.

**તલ તલ તાતા**
**મારા હાથમાં સમાતા**

- પાંચીકા જમીન પર મૂકો.
- તેમાંથી આ પ્રમાણે બોલતાં બોલતાં એક પાંચીકો ઉછાળો.

**તલ તલ તાતા**
**મારા હાથમાં સમાતા**

- આ પાંચીકો અધ્ધર હોય ત્યારે નીચેથી એક પાંચીકો હાથમાં લો.
- ઉછાળેલા પાંચીકાને તે હાથે જ ઝીલો.
- બંને પાંચીકા હાથમાં રાખીને ત્રીજો પાંચીકો ઉછાળો.
- એક પાંચીકો હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો ઝીલાય તો એક વાર 'વાહ ભાઈ વાહ' બોલી શાબાશી આપો. બે પાંચીકા હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો જે ઝીલી શકે તેને 'વાહ વાહ ભાઈ વાહ વાહ' એમ બે વાર બોલી શાબાશી આપો.
- ત્રણ પાંચીકા હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો ઝીલાય તેને "વાહ વાહ વાહ ભાઈ વાહ વાહ વાહ" બોલી શાબાશી આપો.
- ચારે પાંચીકા હાથમાં હોય અને ઉછાળેલો પાંચીકો જે ઝીલી શકે તેને તાળી પાડતાં પાડતાં "વાહ વાહ વાહ વાહ ભાઈ વાહ વાહ વાહ વાહ" બોલી શાબાશી આપો.

• **ચાલો, ગાઈએ ગીતડું :** રમશું રમશું રેલમછેલ...


**વાંચો :**

બિલે નામનો એક છોકરો. એ એટલો બધો તોફાની કે એનાં તોફાનથી એનાં માબાપ તો તોબા પોકારી ઊઠે. તમારી જેમ જ એ પણ બહુ રમતિયાળ હતો. ભાઈબંધો સાથે એ ચોરસિપાઈની રમત ખૂબ રમતો. કહેવાય છે કે એને ક્રિકેટની રમત પણ બહુ ગમતી.

બિલેને પશુપંખી પણ એટલાં જ ગમે. એ તો એના મકાન પાછળની વાડીમાં બેઠો-બેઠો મોર, કબૂતર, કાકાકૌઆ ને ચકલી સાથે વાતો કરે! વાંદરા, બકરાં, ગાય અને ઘોડા સાથે દોડાદોડી કરે! એકવાર કોઈકે એને પૂછ્યું : 'બિલુ, મોટો થઈને શું બનવાનો?' બિલે કહે : 'હું તો ઘોડાનો રખેવાળ બનીશ.'



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




બિલે તોફાન-મસ્તી તો કરતો જ પણ સાથે-સાથે કસરત પણ ખૂબ કરતો. મુક્કાબાજી એની ગમતી કસરત હતી. આપણો આ બિલે ભજનો ગાવામાં તો ઘણીવાર એવો ખોવાઈ જાય કે એની આજુબાજુ કોણ છે ને પોતે ક્યાં છે એ પણ ભૂલી જાય.

એ તો બધી જ બાબતોમાં હોશિયાર. તે નવીનવી રમતો પણ બનાવતો અને તેના દોસ્તોને રમાડે. એકવાર તેણે મિત્રોને નવી રમત શીખવાડી. તેણે કહ્યું, ‘બધા આંખો બંધ કરીને બેસી જાઓ,’ કોઈ કશું જ બોલશે નહીં. જોઈએ કોણ સૌથી વધુ વાર સુધી આ રીતે બેસી શકે છે! બધા તો બેસી ગયા. થોડી જ વારમાં કેટલાકે એક આંખ ખોલીને પાછી બંધ કરી દીધી. કેટલાકે આંખો પર બે હાથ મૂકી આંગળીઓની વચ્ચેથી બધાને જોઈ લીધા. કેટલાકે તો વળી ઉધરસ ખાધી. બે જણને છીંક આવી. ત્રણ જણને ખંજવાળ આવી. એમ કરતાં કરતાં કેટલાક મિત્રો ખસી ગયા અને રમતમાંથી નીકળી ગયા. પણ બિલે ઢીલો પડે એવો ન હતો. એની રમત તો ચાલી જ રહી હતી. એ તો બિલકુલ મૂર્તિની જેમ આંખો બંધ કરીને સ્થિર બેઠો. એટલામાં મંદિરમાં સાપ આવ્યો. મિત્રોએ તેના નામની બૂમો પાડી પણ બિલે તો પોતાની રમતમાં તલ્લીન થઈ ગયો હતો. ‘સાપ, સાપ’ કરતાં ગભરાયેલા દોસ્તોએ ખૂબ બૂમો પાડી. પણ બિલેએ રમત ન છોડી. તે તો પોતાની રમતમાં સ્થિર રહ્યો. સાપ એની સામેથી પસાર થઈ ગયો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



થોડીવાર પછી બિલેએ આંખો ખોલી. મિત્રો એને પૂછવા લાગ્યા : 'બિલે, તને અમારી બૂમો જ ન સંભળાઈ? અહીં કેટલો મોટો સાપ આવ્યો હતો!' બિલેએ કહ્યું : 'પણ હું તો મારી રમતમાં મશગૂલ હતો.'

બિલે કશાથી ડરે જ નહીં, તે તોફાની તો હતો જ સાથે-સાથે નીડર પણ એવો જ.

બિલેને વડવાઈના હીંચકા બહુ ગમે. એ તો રોજ બપોરે હીંચકા ખાવા જાય. હીંચકા ખાવાની એની રીત પણ સાવ જુદી જ, નજીકની વાડીમાં એક વડલો હતો. બિલે આ વડલા પર ચડે. એની ડાળી પર પગ ભરાવે અને પછી પોતે શરીર નીચે લટકાવીને હીંચકા ખાય, જાણે કોઈ લંગૂર કે વડવાગોળ ન હોય! એને પડવાની તો જરાયે બીક ન લાગે.

એને આમ લટકતો જોઈને એક વડીલને બીક લાગી. છોકરો કદાચ પડી જશે. એમણે કહ્યું, 'બિલે! આમ ઊંધા લટકીને હીંચકા ન ખવાય. કદાચ વાગી બેસશે, વડીલની શિખામણ બિલેના ગળે ન ઊતરી એટલે એમણે કહ્યું : 'અરે, આ ઝાડ પર તો બ્રહ્મરાક્ષસ નામનું ભૂત રહે છે. એ આવી જશે.' બિલે ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું : ભૂત આવશે તો હું એને પણ મારા ભેગો હીંચકા ખવડાવીશ! વડીલ તો આંખો ફાડીને એને જોઈ જ રહ્યા. આપણો બિલે તો વડલાની ડાળે ટાંટિયા લટકાવીને મોજથી હીંચકતો રહ્યો.

આ બિલેનું સાચું નામ હતું નરેન્દ્ર. આપણે સહુ તેમને સ્વામી વિવેકાનંદ તરીકે ઓળખીએ છીએ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. આ વાર્તામાંથી બિલેની કઈ રમત તમને સૌથી વધુ ગમી?

૨. તમારું બીજું નામ શું છે? ઘરમાં તમને કયા નામથી બોલાવે છે?

૩. ઘરે તમે એકલા એકલા રમો છો કે કોઈની સાથે?

૪. તમને કઈ રમત રમવાનું ખૂબ ગમે છે?

૫. તમે કેવાં-કેવાં તોફાન કરો છો?

૬. તમને મન ફાવે તે કરવાનું કહેવામાં આવે તો તમે શું-શું કરો?

૭. તમને વડીલો કઈ-કઈ શિખામણ આપે છે?

૮. તમારા ગમતા ખેલાડીનું નામ કહો.

૯. તમને કઈ જગ્યાએ હીંચકા ખાવાનું ગમે છે?

૧૦. તમને શાની બીક લાગે છે? ક્યારથી?

## યોગ્ય વાક્યની સામે ✓ ની નિશાની કરો.

૧. શિવાની ખોવાઈ ગઈ છે.

(અ) શિવાની રમતાં રમતાં સંતાઈ જતી અને કોઈને મળતી નહીં. ☐

(બ) શિવાની એક વખત જંગલમાં ભૂલી પડી ગઈ હતી. ☐

(ક) શિવાની નાચવાનું શરૂ કરે પછી એને બીજી કોઈ ખબર રહેતી નથી. ☐

૨. મારા ગળે ઊતરતું નથી.

(અ) બધા મને કહે છે કે પરીક્ષા વખતે ખૂબ વાંચું. હું આ વાત માનતો નથી. વાંચવાનું તો આખું વર્ષ હોયને? ☐

(બ) મારા ઘરમાં લાડવા ખાવાની હરીફાઈ થઈ. મને લાડવા તો ભાવે. પણ હું વધુ લાડવા ન ખાઈ શક્યો. ☐

(ક) મારા મિત્રો હોટલના પિઝાના વખાણ કરે છે. પણ મને તો તે ખાવાની મજા આવતી નથી. ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. નીડર

(અ) નીડર મનુષ્ય રડે નહીં. ☐

(બ) નીડર માણસને ભૂખ ન લાગે. ☐

(ક) નીડર વ્યક્તિને અંધારાની-અજાણ્યાની બીક ન લાગે. ☐

૪. આદત

(અ) તારી આ આદત ન ગમી. એકની એક વાત પૂછ્યા કરે છે. ☐

(બ) તેને આદત પ્રમાણે ભાત-દાળ સાથે લેવાનું જ ફાવે છે. ☐

(ક) મને રોજ સવારે હળદરવાળું દૂધ પીવાની આદત છે. ☐

## જવાબ લખો :

૧. બિલેને કઈ રમત બહુ ગમતી હતી?

૨. વાર્તામાં કયાં કયાં પક્ષીનાં નામ છે?

૩. તમને ગમતાં ભજનની એક પંક્તિ લખો.

૪. ધ્યાનની રમતમાં કયા છોકરાની રમત તમને વધુ ગમી?

૫. બિલેએ કેમ રમત ન છોડી?

૬. ભૂતનું નામ શું હતું?

## વાક્ય સાચું હોય તો એક તાળી પાડો અને ખોટું હોય તો બે તાળી પાડો. ☐ માં ✗ અથવા ✓ ની નિશાની કરો.

૧. બિલે ખૂબ જ બેસૂરું ગાતો હતો. ☐

૨. બિલેને ગરબા ગાવાની આદત હતી. ☐

૩. બિલેને હાથી ખૂબ ગમતા. ☐



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. બિલેને અંધારાની બીક લાગતી હતી. ☐

૫. બિલે એટલે સ્વામી વિવેકાનંદ. ☐

૬. વડીલની વાત સાંભળી બિલેએ હીંચકા ખાવાનું બંધ કર્યું. ☐

## ક્રમમાં ગોઠવો :

☐ બિલેએ ધ્યાનની રમત છોડી નહીં.

☐ નાગ બિલે પાસેથી શાંતિથી પસાર થઈ ગયો.

☐ બિલેએ મિત્રોને ધ્યાનની રમત શીખવાડી.

☐ થોડીવાર પછી બિલેએ આંખો ખોલી.

☐ બિલેના મિત્રો ડરી ગયા.

- **ચાલો, ગાઈએ ગીતડું :** રમશું રમશું રેલમછેલ...

## જો આ જ વાત નરેન્દ્ર કહે તો કઈ રીતે કહે? લખો :

એક દિવસ તે પોતાના દોસ્તો સાથે મંદિરમાં બેઠો હતો. આંખો મીંચીને તે તો મનોમન કશીક પ્રાર્થના બોલવા લાગ્યો. તે એમ ને એમ એકધ્યાન થઈ ગયો. એટલામાં મંદિરમાં સાપ નીકળ્યો. સાપ જોઈને ‘સાપ, સાપ, સાપ!’ કરતાં સૌ છોકરાં જાય નાઠાં જોકે નરેન્દ્રને તો તેની અસર જ ન થઈ. તે તો આંખો મીંચીને હાથ જોડીને ધ્યાનમાં મસ્ત બની ગયેલો.

તે દિવસે હું મારા દોસ્તો સાથે મંદિરમાં બેઠો હતો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ખોટો અક્ષર કે શબ્દ છેકી વાક્ય ફરીથી લખો.

૧. એને ચોરસિપાહી**નો** / **ની** / **નું** રમત બહુ ગમતી.

૨. બિલેને બીક **લાગતું** / **લાગતો** / **લાગતી** નહીં.

૩. બિલેને હીંચકા **ખાવાની** / **નું** / **નો** આદત **પડ્યું** / **પડી** / **પડ્યો** હતી.

૪. વડીલે બિલેને હીંચકા ન **ખાવાનો** / **ના** / **ની** શિખામણ **આપ્યો** / **આપી** / **આપ્યા.**

૫. બિલે વડ**નું** / **ના** / **ને** ઝાડ પર હીંચકા ખાય.

૬. હું **મોટી** / **મોટો** / **મોટે** થઈને ઘોડા**નો** / **ના** / **ની** રખેવાળ બનીશ.

## ● વાક્યો વાંચી કૌંસમાંથી લાગુ પડતાં વિધાનો ખાલીજગ્યામાં લખો :

(ડર લાગ્યો, ગુસ્સો આવ્યો, ખૂબ ખુશ થઈ, બીક લાગી, મઝા આવી)

૧. લતાએ મારા હાથમાંથી પેન્સિલ ઝૂંટવી લીધી. મને ______

૨. આદ્યાને આજે પહેલી જ વખત પ્રાર્થના સંમેલનમાં ગાવાનું હતું. તેને ______

૩. હરેશ રાત્રે અંધારામાં એકલો ધાબા પર ગયો. અચાનક તેના ખભા પર ગરોળી પડી. તેને ______

૪. વિશ્વાને તેના પપ્પાએ વાર્તાનું પુસ્તક ખરીદી આપ્યું તે ______


૫. સલોની તેની બહેનપણીઓ સાથે બગીચામાં રમવા ગઈ. તેને ______



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ગીત :

## કેવી મજા



અમે ફેરફુદરડી ફરતાં'તાં,
અમે ફેરફુદરડી ફરતાં'તાં,
ફેરફુદરડી ફરતાં-ફરતાં,
પડી જવાની કેવી મજા!
ભાઈ, પડી જવાની કેવી મજા!
અમે સંતાકૂકડી રમતાં'તાં,
અમે સંતાકૂકડી રમતાં'તાં,
સંતાકૂકડી રમતાં રમતાં
પકડાઈ જવાની કેવી મજા!
ભાઈ, પકડાઈ જવાની કેવી મજા!
અમે આંબલીપીપળી રમતાં'તાં.
અમે આંબલીપીપળી રમતાં'તાં.
આંબલીપીપળી રમતાં રમતાં,
સંતાઈ જવાની કેવી મજા!
ભાઈ સંતાઈ જવાની કેવી મજા!
અમે બિલ્લી ઉંદર રમતાં'તાં,
અમે બિલ્લી ઉંદર રમતાં'તાં.
અમે ચૂં..ચૂં... મ્યાઉં મ્યાઉં કરતાં'તાં,
અમે ચૂં..ચૂં... મ્યાઉં મ્યાઉં કરતાં'તાં
ચૂં..ચૂં.. મ્યાઉં... મ્યાઉં કરતાં કરતાં,
નાસી જવાની કેવી મજા!
ભાઈ નાસી જવાની કેવી મજા!

- મૂળજીભાઈ ભક્ત



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાતચીત :

૧. જોડીમાં ફેરફુદરડી રમો. કેવી મજા પડી તે કહો.

૨. આ ગીતમાં આપેલી હોય એમાંથી તમને કઈ કઈ રમત ગમે છે?

૩. ઘરમાં અને શાળામાં સંતાકૂકડી રમો ત્યારે તમે ક્યાં સંતાઓ છો?

૪. તમને કોઈ પ્રાણી કે પક્ષીનો અવાજ કાઢતાં આવડે છે? વર્ગમાં બધાંને સંભળાવો.

૫. ઘરમાં બેસીને રમવાની કઈ-કઈ રમત તમે જાણો છો?

૬. બિલ્લી-ઉંદર રમવામાં તમને શું બનવું ગમે? કેમ?

૭. આંબલી-પીપળી કઈ રીતે રમાય તે તમારા શિક્ષક પાસેથી જાણો.

૮. તમને જેટલી રમતનાં નામ આવડતાં હોય તે કહો, તે કેવી રીતે રમાય તે પણ કહો.

## કૌંસમાં રમતનાં નામ આપ્યાં છે. આ રમતો નીચેનાં વાક્યોમાંથી જેને લાગુ પડે તેની સામે લખો :

(કબડ્ડી, આંબલી-પીપળી, સંતાકૂકડી, પાંચીકા, ચોર સિપાઈ)

૧. મહેશ ઝાડ પર ચડી ગયો. ______

૨. છાયા ખાટલા નીચે સંતાઈ ગઈ. ______

૩. રૂપા એક જ શ્વાસે કંઈક બોલી ગઈ. ______

૪. કૈરવીએ ચોરને પકડી પાડ્યો. ______

૫. પૂજા કચૂકા ઉછાળે છે. ______

## જોડકાં જોડો :

| | | |
|---|---|---|
| ૧. ફેરફુદરડી | ☐ | (ક) છુપાઈ જવાની મજા |
| ૨. ક્રિકેટ | ☐ | (ખ) ઝાડ પર ચડવાની મજા |
| ૩. સંતાકૂકડી | ☐ | (ગ) કેચ પકડવાની મજા |
| ૪. આંબલી-પીપળી | ☐ | (ઘ) ગોલ કરવાની મજા |
| ૫. ફૂટબોલ | ☐ | (ચ) ગોળ ગોળ ઘૂમવાની મજા |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## જોડીમાં બોલાય તેવી બીજી રમતો કઈ?

**જેમ કે, આંબલી<u>પીપળી</u>.**

(૧) ખો ______ (૨) ગિલ્લી ______ (૩) ઉંદર ______

(૪) બાસ્કેટ ______ (૫) અડકો ______ (૬) ધમાલ ______

● **વાંચો :**

જૂથમાં બેસી, વાંચી અધૂરી વાત પૂરી કરવા કહો.

સાંજનો સમય હતો. અંધારું થવાને હજી વાર હતી. હું ખુરશીમાં બેઠી હતી, ખુરશીને હીંચકાની જેમ હલાવતી હતી. હું વિચારતી હતી કે હજી કોઈ રમવા બોલાવવા કેમ નથી આવ્યું? ત્યાં તો મેં દૃષ્ટિની બૂમ સાંભળી. હું તો ફટાફટ બેટ લઈને રમવા દોડી. અમારા ફળિયાથી જરાક દૂર મેદાન હતું. અમે રોજ ત્યાં જ રમવા જતાં. અમારું રમવાનું બરાબર જામ્યું. ત્યાં ધ્રુમિલે એક જોરદાર ફટકો માર્યો. દડો વાડામાં જતો રહ્યો. અમે દડો શોધતાં હતાં ત્યાં જ મારી નજર...

## ગૃહકાર્ય

તમારાં માતાપિતા, કાકાકાકી, દાદાદાદી કે કુટુંબના અન્ય સભ્યો બાળપણમાં કઈ-કઈ રમતો રમતાં હતાં તે એમને પૂછીને નોંધ કરી લાવો. એમાંથી કોઈ પણ બે રમત કેવી રીતે રમાય તે આખા વર્ગને કહો.

| કોણ રમતાં હતાં ? | રમતોનાં નામ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મોટેથી ગાઓ - ઓળખો :

કટ કટ કણસલું, નાનામોટા પગ
મોટો ચાલે બાર ગાઉ, ત્યારે નાનો માંડે ડગ.

## હસો :


**પોલીસ** : (મોડી રાત્રે લાઈટ વગર આવતા રીક્ષાચાલકને રોકીને) આ રીક્ષા તમારી છે?



**રીક્ષાવાળો** : હા, જી.


**પોલીસ** : તમારું નામ?

**રીક્ષાવાળો** : જી, એ પણ મારું છે.

## ત્રણ-ત્રણના જૂથમાં કામ કરો. કોઈ એક ચિત્ર પસંદ કરી તેના વિશે જૂથચર્ચા કરો. જૂથના સભ્યો સાથે મળી તે ચિત્ર વિશે વર્ગને જણાવો.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in